પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧ | ૨ એપ્રિલ, ૨૦૧૯, મંગળવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# ઈસરોએ રચ્યો ઈતિહાસ

**એમીસેટની સાથે ૨૮ સેટેલાઇટ લોન્ચ કર્યા : પીએસએલવી દ્વારા એમીસેટનું સફળ પ્રક્ષેપણ, પાક-ત્રાસવાદીઓ ઉપર હવે આસમાનથી નજર : એમીસેટ સહિત અમેરિકાના ૨૪, લિથુઆનિયાના બે, સ્પેન-સ્વિટ્ઝર્લેન્ડનો એક-એક સેટેલાઇટ સફળતાપૂર્વક લોન્ચ : પ્રથમવાર ઇસરોનું મિશન એક સાથે ત્રણ અલગ કક્ષામાં સેટેલાઇન્ટ લોન્ચ કરવામાં સફળ**

શ્રીહરિકોટા,તા.૧
ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ એક વધુ ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરીને શ્રીહરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી પીએસએલવી સી-૪૫ દ્વારા આજે સવારે ૯-૨૭ કલાકે દુશ્મન દેશો પર નજર રાખવા માટે EMISAT સેટેલાઈટ સહિત ૨૯ વિદેશી સેટેલાઈટને સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે.

ભારતના સેટેલાઈટ EMISAT સહિત અમેરિકાના ૨૪, લિથુઆનિયાના બે અને સ્પેન અને સ્વિટ્ઝર્લેન્ડનો એક એક સેટેલાઈટ આજે સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. પ્રથમવાર ઈસરોનું મિશન એક સાથે ત્રણ અલગ કક્ષામાં સેટેલાઈટ લોન્ચ કરવાનું હતું જેમાં સફળતા મળી છે.

**૪૩૬ કિગ્રા એમીસેટનો ઉપયોગ ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમને માપવા માટે કરાશે : દુશ્મન રાષ્ટ્રોની રડાર સિસ્ટમ પર નજર રાખી લોકેશન જાણી શકાશે**

લોન્ચ કરવામાં આવેલ ૪૩૬ કિલોગ્રામનો ભારતીય સેટેલાઈટ EMISAT નો ઉપયોગ ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમને માપવા માટે કરવામાં આવશે. તેના દ્વારા દુશ્મન રાષ્ટ્રોની રડાર સિસ્ટમ પર નજર રાખવાની સાથે જ તેનું લોકેશન પણ જાણી શકાશે.

ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા આ સેટેલાઈટ તૈયાર કરવામાં આવ્યો છે. તેને ૭૪૯ કિલોમીટર દૂર આવેલ ભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યો છે. અન્ય ૨૮ સેટેલાઈટનું કુલ વજન ૨૨૦ કિલોગ્રામ છે. EMISATની સાથે ૨૮ વિદેશી સેટેલાઈટને ૫૦૪ કિલોમીટરની ઊંચાઈએ પીએસએલવી સી-૪૫ની મદદથી સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે. ચોથા તબક્કામાં જ રોકેટને ૪૮૫ કિ.મી. ઊંચાઈ પર લાવીને ત્રણ પ્રાયોગિક પેલોડની મદદથી ચંદ્રયાન-૨ અભિયાન સાથે સંકળાયેલા કેટલાક ખાસ પ્રયોગો કરવામાં આવશે.

આમ EMISAT દુશ્મન રાષ્ટ્રો પર નજર રાખવા માટે ઘણો મહત્ત્વપૂર્ણ સેટેલાઈટ છે. ઈસ્રૈજીછ્ની સાથે પીએસએલવી રોકેટ અન્ય ૨૮ સેટેલાઈટ લઈ ગયેલ છે જેને ત્રણ અલગ અલગ કક્ષામાં પ્રસ્થાપિત કરીને નવી ટેકનોલોજીનો પરિચય કરાવ્યો છે.

આ સેટેલાઈટના ફીચર્સની સમજ આપવા માટે મોટા સ્ક્રીન્સ

● અનુસંધાન પાન-૭ પર

# પુલવામામાં ૪ ખુંખાર ત્રાસવાદીઓ ઠાર

**જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોને મહત્વપૂર્ણ સફળતા મળી : ચોક્કસ બાતમીના આધારે વહેલી સવારે પુલવામાના લસ્સીપોરા વિસ્તારમાં તોયબાના આતંકવાદીઓ ફુંકાયા : મોટી માત્રામાં હથિયારો-વિસ્ફોટકો કબજે**

પુલવામા, તા. ૧
જમ્મુ કાશ્મીરના પુલવામા વિસ્તારમાં સુરક્ષા દળોને આજે ફરી એકવાર મોટી સફળતા હાથ લાગી હતી. પુલવામા જિલ્લાના લસ્સીપોરા વિસ્તારમાં ચોક્કસ બાતમીના આધાર પર ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ લશ્કરે તોયબાના ચાર ત્રાસવાદીઓને ઠાર મારી દેવામાં આવ્યા હતા. ઠાર કરવામાં આવેલા ચારેય ત્રાસવાદીઓ લશ્કરે તોયબાના હોવાની જાણકારી મળી છે. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા છે. સૈન્ય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ગુપ્ત સુચનાના આધાર પર કાર્યવાહી હાથ ધરવામાં આવી હત. લસ્સીપોરા વિસ્તારમાં અભિયાન ચલાવવામાં આવ્યા બાદ સુરક્ષા દળોની સાથે અથડામણ થઈ હતી. જેમાં ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ઠાર થયેલા તમામ ચારેય ત્રાસવાદીઓ લશ્કરે તોયબાના હોવાની માહિતી મળ્યા બાદ તેમાં પણ વધુ તપાસ ચાલી રહી છે. પુલવામા વિસ્તારમાં હજુ ત્રાસવાદીઓ સ્થાનિક લોકોની મદદથી છુપાયેલા હોવાની માહિતી મળી રહી છે. પુલવામા હુમલા બાદ સુરક્ષા દળો દ્વારા અવિરત

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**રાહુલ ૪થીએ વાયનાડ બેઠક પરથી ફોર્મ ભરશે**

કોંગ્રેસ અધ્યક્ષ કેરળની વાયનાડ બેઠક પરથી આગામી ચાર એપ્રિલના રોજ ઉમેદવારી પત્રક ભરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાહુલ ગાંધી ત્રીજી એપ્રિલે વાયનાડની મુલાકાતે જઈ શકે છે. ત્યારે કોંગ્રેસે રાહુલ ગાંધીની મુલાકાતને લઈને તમામ તૈયારીઓ પણ શરૂ કરી છે.

**નીરવ મોદી મુશ્કેલીમાં**

ભાગેડુ હીરા કારોબારી નીરવ મોદીની એન્ટીગુઆની નાગરિકતાવાળી અરજી રદ કરી દેવાઈ છે. નીરવ મોદીએ ભારતીય તપાસ એજન્સીથી બચવા માટે એન્ટીગુઆની નાગરિકતા માટે અરજી કરી હતી.

**ફેસબુકે પાક. સેનાના પેજ ઉડાવ્યા**

પાકિસ્તાન સેના પ્રોપેગેન્ડા માટે જે ફેસબુક પેજનો ઉપયોગ કરતી હતી. તેમાંથી ઘણા પેજ હટાવી દેવાયા છે. ફેસબુકે પાકિસ્તાન સેનાના જનસંપર્ક શાખા અધિકારીઓથી જોડાયેલા ૧૦૩ પેજ, સમૂહ અને ખાતાઓને હટાવવાની કાર્યવાહી કરી છે.

**રેલવે સ્ટેશનોને ઉડાવી દેવાની ધમકી**

અંબાલા સ્થિત ડીઆરએમ ઓફિસમાં એક અજ્ઞાત વ્યક્તિએ ફોન કરી દેશના મોટા રેલવે સ્ટેશનોને ઉડાવી દેવાની ધમકી આપી છે. આ કોલ આવ્યા બાદ અંબાલા સહિતના રેલવે સ્ટેશનોની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને તેને હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યા છે. આ દરમ્યાન બોમ્બ ડિસ્પોઝલ ટીમ અને અન્ય એજન્સીઓએ અંબાલા સ્ટેશન પર સર્ચ અભિયાન ચલાવ્યુ હતુ.

**એશિયાઈ એરગન ચેમ્પિયનશીપમાં ભારતને ૧૬ પદક**

ભારતીય નિશાનેબાજોએ પોતાનો દબદબો યથાવત રાખતા ચીનના તાઈપેઈમાં યોજાયેલ એશિયન એરગન ચેમ્પિયનશીપના અંતિમ દિવસે પાંચ સુવર્ણપદક જીત્યા છે. ભારતે આ સ્પર્ધામાં ૧૬ સુવર્ણ, ૫ રજત અને ૪ કાસ્ય પદક સાથે કુલ ૨૫ પદક જીત્યા હતા.

# હિન્દુ આતંકવાદ કહેનારા હવે મેદાન છોડી રહ્યા છે : મોદી

**કોંગ્રેસ એનસીપીનું ગઠબંધન કુંભકર્ણ જેવું છે : શરપદ પવાર પણ જાણે છે કે ચૂંટણી હવાનું વલણ કઇ બાજુ છે : હજારો વર્ષના ઇતિહાસમાં હિન્દુઓના ત્રાસવાદની કોઇપણ ઘટના બની નથી પણ કોંગ્રેસે આવા કલંક લગાવ્યા**

વર્ધા, તા. ૧
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકસભા ચૂંટણીમાં પ્રચારને વધુ ભાર આપીને કોંગ્રેસ ઉપર હિન્દુ આતંકવાદને લઈને આકરા પ્રહાર કર્યા હતા. હિન્દુ આતંકવાદના મુદ્દા ઉપર રાહુલ ગાંધી ઉપર પણ પ્રહાર કર્યા હતા. મહાત્મા ગાંધીની કર્મભૂમિ કહેવાતા મહારાષ્ટ્રના વર્ધામાં વડાપ્રધાને કહ્યું હતું કે, કોંગ્રેસે દેશના કરોડો લોકોના સંબંધ આતંકવાદ સાથે જોડી દીધા હતા. હવે લોકો જાગી ગયા છે ત્યારે આવા લોકો ભાગી રહ્યા છે. તેમનો ઈશારો સીધીરીતે રાહુલ ગાંધીના અમેઠી ઉપરાંત કેરળની વાયનાડ સીટથી ચૂંટણી લડવા તરફ હતો. થોડાક દિવસ પહેલા જ સમજોતા બ્લાસ્ટ કેસમાં અસીમાનંદને સુપ્રીમ કોર્ટ દ્વારા મુક્ત કરી દેવામાં આવ્યા બાદ મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા છે. મોદીએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાથી કોંગ્રેસના કાવતરાનો પર્દાફાશ થયો છે. આ બાબતને કોંગ્રેસ પાર્ટી પણ સમજી રહી છે. દેશે તેમને બોધપાઠ ભણાવવા અંગેનો નિર્ણય લઈ લીધો છે જેથી હિન્દુ




● અનુસંધાન પાન-૭ પર

## મની લોન્ડરિંગમાં વાડ્રાને શરતી જામીન

નવીદિલ્હી, તા. ૧
મની લોન્ડરિંગના આરોપમાં ઈડીની પુછપરછનો સામનો કરી રહેલા રોબર્ટ વાઢેરાને સીબીઆઈની ખાસ અદાલતથી આજે મોટી રાહત મળી હતી. રોબર્ટ વાઢેરા અને તેમના નજીકના સાથી મનોજ અરોરાની કોર્ટે આગોતરા જામીન અરજી સ્વીકાર કરી લીધી છે. અલબત્ત કોર્ટે મંજુરી વગર દેશ ન છોડવાનો આદેશ કર્યો છે. તપાસમાં સહકાર કરવા અને પુરાવા સાથે ચેડા ન કરવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. બંને હાલમાં વચગાળાના જામીન ઉપર છે.

મની લોન્ડરિંગ અને વિદેશોમાં શેલ કંપનીઓ મારફતે સંપત્તિ એકત્રિત કરવાનો રોબર્ટ વાઢેરા ઉપર આરોપ છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાઢેરા અને તેમના સાથીને કોર્ટે પાંચ-પાંચ લાખ રૂપિયાના અંગત સ્યોરિટી અને બોન્ડ ઉપર જામીન આપ્યા છે.

# સપાના ઉમેદવાર મુલાયમ સિંહે મૈનપુરીમાંથી ઉમદેવારીપત્ર ભર્યું

**મુલાયમસિંહની સાથે અખિલેશ યાદવ પહોંચ્યા : ચૂંટણી બાદ ગઠબંધનના વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ રહેશે તે અંગે કોઇ ટિપ્પણી કરવાનો મુલાયમનો ઇન્કાર**

નવી દિલ્હી,તા. ૧
સમાજવાદી પાર્ટીના માર્ગદર્શક મુલાયમસિંહ યાદવે આજે બપોરે પોતાના પુત્ર અખિલેશ યાદવની સાથે પહોંચીને મૈનપુરી લોકસભા સીટ પરથી ઉમેદવારી દાખલ કરી હતી. ૭૭ વર્ષીય સપાના સ્થાપક મુલાયમસિંહ યાદવે પોતાને વડાપ્રધાનની રેસમાં હોવાનો ઈન્કાર કર્યો છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીમાંથી પીએમ પદના ઉમેદવાર કોણ રહેશે તે અંગે પૂછવામાં આવતા મુલાયમસિંહે કહ્યું હતું કે, આ અંગે નિર્ણય ચૂંટણી બાદ લેવામાં આવશે.

કોંગ્રેસની સાથે મુલાયમસિંહના ભાઈ શિવપાલ યાદવની પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીએ પણ તેમની સામે મૈનપુરી સંસદીય સીટ પરથી કોઈ ઉમેદવારને મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ ભાજપ તરફથી મુલાયમસિંહની સામે ઉમેદવાર અંગે નિર્ણય કરવામાં આવ્યો નથી. મુલાયમસિંહે વર્ષ ૧૯૯૬, ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪ની ચૂંટણીમાં ભારે મત અંતરથી ચૂંટણી જીતી હતી. સમાજવાદી પાર્ટીએ ૧૯૬૬થી લઈને હજુ સુધી પેટાચૂંટણી સહિત આ સીટ પરથી આઠ વખત ચૂંટણી જીતી છે. બહુજન સમાજ પાર્ટીને લઈને હજુ દુવિધાભરી સ્થિતિ છે.



રસપ્રદ બાબત એ છે કે, મૈનપુરી બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીને હજુ સુધી જીત મળી નથી. મૈનપુરીમાં ત્રીજા તબક્કામાં મતદાન થશે. આના માટે નોટિફિકેશન ૨૮મી માર્ચના દિવસે જારી કરવામાં આવ્યું હતું.

## નેપાળમાં વરસાદ અને તોફાનનો કહેર

કાઠમાંડૂ,તા.૧
નેપાળમાં રવિવારથી શરૂ થયેલા વરસાદ અને ભયંકર તોફાનના કારણે ભારે તબાહી થઈ છે. તોફાનની ઝપટમાં આવવાથી અત્યાર સુધી ૩૫ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ૬૦૦થી વધુ ઘાયલ થયા છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે હોસ્પિટલમાં બેડ અને બ્લડની કમી જોવા મળી છે. રાહત અને બચાવકાર્ય માટે સશસ્ત્ર પોલીસદળ અને નેપાળ સેનાની ટીમને પૂર પ્રભાવિત વિસ્તારમાં તહેનાત કરી દેવાયાં છે. પ્રશાસન મદદના કામમાં વ્યસ્ત બન્યું છે. તંબૂ અને તાડપત્રી લઈને રાહત બચાવદળ વિવિધ સ્થાન પર પહોંચી ગયાં છે. નેપાળ સેનાના પ્રવક્તા યમપ્રસાદ ધકાલે જણાવ્યું હતું કે આપાત સ્થિતિ સામે લડવા માટે બે હેલિકોપ્ટર તહેનાત કરાયાં છે. આ ઉપરાંત એક સ્કાય ટ્રક પણ તૈયાર કરાઈ છે. સેના પરિસ્થિતિ સામે લડવા તૈયાર છે. વરસાદ અને તોફાનથી પ્રભાવિત વિસ્તારમાં ૧૦૦થી વધુ પોલીસોને તહેનાત કરાયા છે.

# તલાલા પેટાચૂંટણી પર સુપ્રીમની રોક

**કોંગ્રેસના ભગા બારડને સુપ્રીમમાંથી મોટી રાહત : ગુજરાત સરકાર અને ચૂંટણી પંચને સુપ્રીમે નોટિસ ફટકારી ભગા બારડના સસ્પેન્સનને યથાવત રાખતા હજુ મુશ્કેલી**

અમદાવાદ,તા. ૧
રૂ.૨.૮૩ કરોડની ખનીજ ચોરીના ચકચારભર્યા કેસમાં સસ્પેન્શન યથાવત્ રાખતા અને તલાલા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીને બહાલ રાખતા ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે ભગવાનભાઈ બારડ દ્વારા સુપ્રીમકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી છે, જેની સુનાવણીમાં આજે સુપ્રીમકોર્ટે કોંગ્રેસના ભગા બારડને બહુ મોટી રાહત આપી હતી અને તલાલા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી પર રોક લગાવી દીધી હતી. વધુમાં, સુપ્રીમકોર્ટે રાજય સરકાર અને ચૂંટણી પંચને નોટિસો જારી કરી કેસની વધુ સુનાવણી હવે પછી રાખી છે. જો કે, સુપ્રીમકોર્ટે બારડના સસ્પેન્શનને યથાવત્ રાખતાં તે મુદ્દે કોઈ રાહત આપી ન હતી. ગુજરાત રાજયમાં લોકસભાની ૨૬ બેઠકોની સાથે તાલાલા વિધાનસભા બેઠકની પેટાચૂંટણી પણ તા.૨૩મી એપ્રિલે યોજાનાર હતી. જો કે, હવે તેની પર સુપ્રીમકોર્ટની રોક લાગી જતાં ચૂંટણી પંચને લપડાક પડી છે. ચકચારભર્યા ખનીજ ચોરી કેસમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા સસ્પેન્ડ કરાયેલા તાલાલાના કોંગ્રેસના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધી સામે વાયનાડ બેઠક પરથી એનડીએના તુષાર વેલ્લાપલ્લી લડશે

ન્યુ દિલ્હી,તા.૧
કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વાયનાડ સીટ પરથી લોકસભાની ચૂંટણી લડશે તેની જાહેરાત થઈ ત્યારથી આ સીટ ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. રાહુલ ગાંધી અમેઠી સિવાય કેરળની વાયનાડ સીટ પરથી ચૂંટણી લડશે તેને લઈ સતત ચર્ચાઓ થતી રહી છે. ત્યારથી સૌથી મોટી ચર્ચા એ હતી કે તેમની સામે ભાજપ કયા ઉમેદવારને ઉભો રાખશે. તો બધાની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકાતા એનડીએ આ સીટના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

શ્વેતબિન્દુ જ્યોતિષ
રજી.નં.૪૩૩
ગોલ્ડમેડાલીસ્ટ મહાકાલી ઉપાસક, વર્ષોથી જુના અને જાણીતા ડી.જે.જોષી
A to Z સમસ્યાનો 3 દિવસમાં ઝડપી નિકાલ ૧૦૧% ગેરંટી
કલાકો મિનિટોમાં ફોનઉપર કોઈપણ કામ થતા નથી એવી લોભામણી જાહેરાતોથી સાવધાન
વગર સરનામા વાળા જ્યોતિષીઓથી સાવધાન એપોઈન્ટમેન્ટ લઈને મળો.
નિરાશ થયેલા ભાઈઓ બહેનો અવશ્ય મળો. M. 9712233233
પહેલા સંબંધ હતો હવે નથી ફરી સંબંધ જોડવા માટે મળો.
સંતાનપ્રાપ્તી, ધંધો, નોકરી, પ્રેમલગ્ન, છુટાછેડા, સ્ત્રીપુરૂષ વચ્ચે અણબનાવ, ગૃહક્લેશ, વેપારમાં લાભ, શત્રુનાશ, ધારેલી વ્યક્તિનું મિલન, લવપ્રોબ્લમ ના સ્પેશ્યાલિસ્ટ. ગુપ્તધનના જાણકાર, દરેક જગ્યાએથી પૈસા બગાડેલા ખાસ મળો, દરેક વાત ખાનગી રહેશે.
જી-૧૧/૧૨૪ શિવમ એપાર્ટમેન્ટ ગેટ-૧, અખબારનગર, BRTS બસસ્ટેન્ડની સામે, ૧૩૨ ફુટ રીંગરોડ, નવાવાડજ, અમદાવાદ. સમય : ૯ થી ૮ ફી - રૂા.૫૧
9925812818 Ph: 27624017

રત્નાગીરી હાફુસ તથા કેસર કેરી માટે જુના અને જાણીતા
આવી ગયા છે
રહીમચાચા
તા. ૨-૪-૨૦૧૯થી
નોંધ
સોમવારે પણ દુકાન ચાલુ
ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, રૂપકલા જ્વેલર્સની બાજુમાં, સેક્ટર-૨૧